૧૨૩૬ —

ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશનલ સોસાયટી
(આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સ્વાયત્ત સંસ્થા) ૩જે માળ,
બિરસામુન્ડાભવન, સેક્ટર 10-એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦, ફોન: ૦૭૯-૨૩૨૪૩૭૪૮/૪૯

નં. ટીડી/ઇએમ.આર.એસ./૨૦૧૨/૧૨૫૯/૪૭૪
તા. ૧૮/૧૦/૨૦૧૩.

# પરિપત્ર

## વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માં સોસાયટી હસ્તકની શાળાના વિદ્યાર્થીઓને ગણવેશ પુરો પાડવા બાબત

વંચાણે લીધા: તા.૧૦/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ ગર્વનીગ બોડીના સભ્યશ્રીઓની બેઠકની કાર્યવાહી નોધ.

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશન ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી હસ્તક હાલ ૭૯ શાળાઓ કાર્યરત છે. જેમાં ૨૫ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ , ૪૨ અલ્પ સાક્ષર કન્યા નિવાસી શાળાઓ અને ૧૨ મોડેલ ડે શાળાઓનો સમાવેશ થાય છે. આ તમામ શાળાઓમાં પ્રતિ વર્ષ સોસાયટી દ્વારા અથવા સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ગણવેશ પુરો પાડવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માં તમામ શાળાના વિદ્યાર્થીઓને ગણવેશ પુરો પાડવા માટે સોસાયટીની ગવર્નીગ બોડીના સભ્યશ્રીઓની તા.૧૦/૧૦/૨૦૧૩ ના રોજ મળેલ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં સોસાયટી હસ્તકની તમામ ૭૯ શાળાઓમાં વર્ષ ૨૦૧૩-૧૪ માં બે જોડી ગણવેશ, નાઇટ ડ્રેસ , સ્કુલ બુટ - મોજા , સ્પોર્ટસ બુટ - મોજા ,(સંપૂર્ણ ગણવેશ ) પુરો પાડવા માટે વિદ્યાર્થી દીઠ રૂ.૩,૦૦૦/- ની રકમ આપવાનું ઠરાવવામાં આવેલ છે. ગણવેશનો કલર કોડ ગત વર્ષના કલર કોડ જેવો જ રાખવાનું નક્કી થયેલ છે તે મુજબ જ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માં વિદ્યાર્થીઓને ગણવેશ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ માટે સોસાયટી દ્વારા ગણવેશના ખર્ચની પ્રતિ વિદ્યાર્થી દિઠ રૂ.૩,૦૦૦/- (અંકે રૂ. ત્રણ હજાર પૂરા/-) ની રકમ શાળાના ખાતામાં જમા કરાવવામાં આવશે. આ માટે તમામ શાળાએ ધોરણવાર વિદ્યાર્થીઓના નામ અને જી.આર. નંબર સાથેની વિગત અત્રે મોકલવાની રહેશે. જેના આધારે શાળાના ખાતામાં વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ગણવેશના રકમની ફાળવણી કરવામાં આવશે.

| અનુ.નં | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | ગણવેશ | ૨ જોડી |
| ૨ | સ્પોર્ટસ ડ્રેસ | ૧ જોડી |
| ૩ | નાઇટ ડ્રેસ | ૨ જોડી |
| ૪ | સ્કૂલ બુટ અને મોજા | સ્કૂલ બુટ ૧ જોડી અને મોજા ૨ જોડી |
| ૫ | સ્પોર્ટસ બુટ અને મોજા | સ્પોર્ટસ બુટ ૧ જોડી અને મોજા ૨ જોડી |
| ૬ | સ્વેટર | ૧ જોડી |
| ૭ | સ્કાફ / ટોપી (શિયાળા માટે) | ૧ જોડી |
| ૮ | બેલ્ટ ( ફકત છોકરા માટે) | ૧ જોડી |
| ૯ | સ્લીપર | ૧ જોડી |

મોડેલ સ્કૂલ ડે શાળા હોવાથી નાઇટ ડ્રેસની ખરીદી કરવાની રહેશે નહીં. જેથી મોડેલ ડે શાળાઓ માટે પ્રતિ વિદ્યાર્થી દિઠ રૂ.૨૫૦૦/- ( અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા ) અત્રેથી જમા કરાવવામાં આવશે જે મુજબ ગણવેશની ખરીદી કરવાની રહેશે.

તમામ શાળાઓએ ગણવેશ ખરીદ કર્યા બાદ વિદ્યાર્થીઓને ગણવેશ ફાળવણી કર્યાનું અલગ રજીસ્ટર નિભાવવાનું રહેશે. જેમાં દરેક વિદ્યાર્થીઓની ગણવેશ મળી ગયેલ છે તેની સહી લેવાની રહેશે. સોસાયટી હસ્તકની તમામ ૭૯ શાળાઓએ ૧૫ ડિસેમ્બર ૨૦૧૩ પહેલાં તમામ વિદ્યાર્થીઓને ગણવેશની આપવાનો

42518

ઉપરોક્ત સૂચનાઓ આ સોસાયટીની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ) અને ચેરમેનશ્રી, જી.એસ.ટી.ડી.આઇ.એસ.ની તા. ૧૬/૧૨/૧૩. ની નોંધથી મળેલ મંજૂરી અનુસાર બહાર પાડવામાં આવે છે.

(જી.સી. બ્રહ્મભટ્ટ , આઇ.એ.એસ.)
કાર્યપાલક નિયામક
જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ.એસ.

પ્રતિ,

સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ,....................................................

સર્વે આચાર્યશ્રીઓ, એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ ........................................

સર્વે આચાર્યશ્રીઓ અલ્પ સાક્ષર કન્યા નિવાસી શાળાઓ,........................................

સર્વે આચાર્યશ્રીઓ મોડેલ ડે સ્કૂલ...............................................

સર્વે જિલ્લા પ્રોજેકટ કન્સલટન્ટશ્રીઓ ,જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ.સોસાયટી............